

કુમ-કુમના પગલા પડ્યા...- પ્રથમ નવરાત્રીની પ્રથમ રાત્રિએ મા જયો-જયો જગદંબાના ગુંજારવ વચ્ચે ભક્તિ અને શક્તિના મહાપર્વનો પ્રારંભ થયો... શહેરના ૭૯ સ્થાનો પર માતાજીની આરતી અને શેરી ગરબાના આયોજનનો મંગલ પ્રારંભ થયો... ૨ વર્ષ બાદ માતાજીની ભક્તિની અણમોલ તક ઉજવવા માઈભક્તો ઉત્સાહપૂર્વક આતુર હતા... જેનો આજ સાંજથી અંત આવતા ખેલૈયાઓ મન મૂકીને ગરબે રમવાનું શરૂ કર્યુ છે... મોડી સાંજે સેક્ટરોના ચોકમાં વસાહતીઓની સામુહિક આરતી માણવાનો લ્હાવો પણ અણમોલ રહ્યો હતો...

# નવા મેયર - ડે. મેયર અને ચેરમેન ત્રણેય પદ પર મહિલાઓની પસંદગીની શક્યતા

## મનપાને નવા મેયર - ડે. મેયર વિજયાદશમી પર્વ પહેલાં મળી જવાની સંભાવનાઓ : ત્રણેય મહત્વના હોદ્દાઓ પર મહિલાઓની પસંદગી થવાની શક્યતાઓ : મનપામાં ૨૨ મહિલા વિજેતા થઈ છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાને વિજયાદશમી પર્વની ઉજવણી પહેલાં નવા મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની ભેટ મળી જશે.

મહાનગરપાલિકાની ચૂંટણીની આચારસંહિતાનો અમલ આજે પૂર્ણ થઈ રહ્યો છે. નવા ચૂંટાયેલા સભ્યોનું ગેઝેટ આજે પ્રસિદ્ધ થશે અને ત્યારબાદ મનપાનું તંત્ર હરકતમાં આવશે.

જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓ મુજબ ગેઝેટ્સ પ્રસિદ્ધ થયેથી અને તેની નકલ પ્રાપ્ત થયેથી ત્રણ દિવસ બાદ કે તે પછી તુરત જ પ્રથમ સામાન્ય સભા યોજવાની રહે છે.

૧૫મી ઓક્ટોબર વિજયાદશમી પર્વ છે અને તે પહેલાં નવી રચાયેલી મનપાની પ્રથમ બેઠક મળશે. જેમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની વરણી તેમજ પક્ષના નેતાની વરણી કરવામાં આવશે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મનપાના નવા હોદ્દેદારોની વરણી અંગે પ્રદેશ સમિતિની કોર કમિટીની બેઠક મંગળવારે મળી શકે છે. આમાં નવા હોદ્દેદારો અંગે નિર્ણય લેવાઈ જશે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે ગાંધીનગર મનપાના ત્રણેય હોદ્દેદારો તરીકે મહિલાઓની પસંદગી થશે.

પ્રદેશ કોર કમિટીમાં આ અંગે ચર્ચાઓ થશે. તમામ ચૂંટાયેલા સભ્યોના બાયોડેટા પર ચકાસણીની કામગીરી ચાલી રહી છે. પક્ષના નેતાની વરણી પણ આ જ દિવસે કરવામાં આવશે.

પ્રથમ સામાન્ય સભામાં પ્રદેશ નીરીક્ષક મેન્ડેટ લઈ આવશે અને સામાન્ય સભા પૂર્વે નવા ચૂંટાયેલા સભ્યોને મળી હાથ ધરવામાં આવનાર ચૂંટણી અંગેની સમગ્ર પ્રક્રિયાથી તેમને સમજૂત કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં જે ચાર મેયરો થયા તેમાં બે મહિલા મેયરો મળી ચુકી છે પણ તમામ હોદ્દેદારો તરીકે મહિલાઓની વરણી થઈ નથી એટલે આ વિકલ્પ પર વિચારણા ચાલી રહી હોવાનું પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ રહ્યુ છે. આ ઉપરાંત મનપાના નવા ચૂંટાયેલા સભ્યોમાં ભાજપની ૨૨ મહિલાઓ જંગમાં ઉતરી હતી તે તમામ વિજેતા બની હોવાથી તેમની પસંદગીને અગ્રતા આપવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

જો કે મંગળવાર અથવા બુધવારે આ અંગે આખરી નિર્ણય લેવામાં આવી શકે છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. અનામત બેઠકો પર ત્રણ મહિલાઓ વિજયી થઈ છે. પાંચ અનામત બેઠકોમાંથી બે પુરૂષો પણ વિજયી થયા છે. ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાને રાખી પક્ષનું મોવડીમંડળ નિર્ણય લેશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ભારતીય જનતા પાર્ટીનું હાઈકમાન્ડ અલગ કરવા માટે જાણીતું છે. દર વખતે સરપ્રાઈઝ આપીને કાર્યકરો અને પ્રજાને અચંબામાં નાખવાની પરંપરા ભાજપ આ વખતે પણ જાળવી રાખશે એમ મનાય છે. દેશભરમાં ક્યાંય પણ મહાનગર પાલિકામાં ત્રણેય મહત્વના પદ પર મહિલાઓ જ હોય એવો દાખલારૂપ નિર્ણય ગાંધીનગર માટે લેવાય એવી સંભાવના છે.

જો કે એકાદ વરસમાં આવનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી મહિલા મતદારોને આકર્ષવા માટે આ પ્રકારનો નિર્ણય ઉપકારક નિવડે એમ પણ મનાય છે. સાથો સાથે સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન પદ માટે પાંચ-છ સક્ષમ ઉમેદવારો દાવેદાર હોવાથી આ નિર્ણય લાકડી ભાંગે નહિ સાપ મરે નહિ એ ન્યાયે પૂરક બનશે. બીજી તરફ સમાજમાં 'વુમેન્સ એમ્પાવરમેન્ટ'ને પ્રાધાન્ય આપતો દાખલો પણ બેસાડી શકાશે.

ગાંધીનગર આમ પણ ગિફ્ટસિટી, કેપીટલ રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર અને અક્ષરધામ જેવા મહત્વના અને પ્રસિદ્ધ સ્થાનો છે. જ્યારે હવે આવા રાજકીય નિર્ણયથી પણ ગાંધીનગર દાખલારૂપ બનશે.

# કેપીટીએલના કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન એમ આર આઈ મશીન

## જરૂરિયાતમંદ દર્દીઓની હાલાકી નિવારવા માટે કલ્પતરૂએ ૫.૫૦ કરોડના ખર્ચે અદ્યતન મશીન ખરીદ્યુ : દર્દીઓ માટે આગામી ૧૧ ઓક્ટોબરથી મશીન કાર્યરત થશે : અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ મશીનના આધારે દર્દીઓનુ ઝડપથી નિદાન થશે : નગરજનોને રાહતદરે એમ આર આઇ સેવા મળશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં હવે દર્દીઓને એમ આર આઈ ટેસ્ટ માટે અદ્યતન મશીનની સેવા ઉપલબ્ધ થશે. કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી સંચાલિત સે-૨૫ સ્થિત કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં એમ આર આઈનુ અદ્યતન મશીન આગામી તા ૧૧ ઓકટોબરથી દર્દીઓની સેવામાં રહેશે. ટેકનોલોજીથી સજ્જ આ મશીનના આધારે ઝડપી અને અસરકારક રીતે દર્દીઓનુ નિદાન થશે. સંસ્થા દ્વારા અંદાજિત ૫.૫૦ કરોડના ખર્ચે આ મશીન ખરીદવામાં આવ્યુ છે. જયારે તા ૯ ઓકટોબરના રોજ આ મશીનનુ ઉદઘાટન કરાયા બાદ દર્દીઓને રાહત દરે એમ આર આઈ સેવાનો લાભ કલ્પ આરોગ્ય કેન્દ્ર પરથી મળી રહેશે.

કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી દ્વારા વર્ષ ૨૦૦૯ થી સે-૨૫ જી આઈ ડી સી ખાતે કલ્પ આરોગ્ય સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. કલ્પતરૂ વેલફેર ટ્રસ્ટ દ્વારા આ આરોગ્ય કેન્દ્રનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. આ આરોગ્ય સેવા કેન્દ્રના આધારે અત્યંત રાહત દરે જરૂરિયાતમંદોને આરોગ્ય સારવાર આપવામાં આવી રહી છે. કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનના કમલકીશોર જૈને આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ કેન્દ્રમાં નગરના જાણીતા ૩૦ જેટલા તબીબો પણ સેવા આપી રહ્યા છે. જેમાં જનરલ પ્રેકટીસનર, ફીઝીશિયન, જનરલ સર્જન, પ્લમોનોલોજીસ્ટ, ડેન્ટીસ્ટ, ચામડી રોગના નિષ્ણાંત, રેડિયોલોજીસ્ટ, બાળરોગ, ઓર્થોપેડિક, હોમિયોપેથિક તેમજ આર્યવેદિક નિષ્ણાંત તબીબો દર્દીઓને સારવાર આપે છે. આ ઉપરાંત પેથોલોજી લેબના માધ્યમથી ટેસ્ટ પણ રાહતદરે કરવામાં આવે છે. આ સેન્ટરમાં એકરે, સોનોગ્રાફી, પેથોલોજી, ઈ સી જી વગેરે ટેસ્ટ પણ કરવામાં આવે છે. આ આરોગ્ય કેન્દ્રમાં રોજ ૧૫૦ દર્દીઓ સારવાર આપવામાં આવી રહી છે. અત્યાર સુધી આરોગ્ય કેન્દ્રમાં અંદાજિત ૩ લાખ જેટલા દર્દીઓએ આરોગ્ય સેવા લીધી છે. આ દરમિયાન વર્ષ ૨૦૨૦ માં કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન દ્વારા આ ઓરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને વધુ અસરકારક સારવાર મળે તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં ગુરૂવારે વેક્સિનેશન અભિયાનમાં ૧૩ હજારથી વધુને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૧૩ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં ગ્રામ્ય અને શહેરમાં ૯૮ ટકા પ્રથમ ડોઝનું વેક્સિનેશન સંપન્ન થયાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦,૧૯૫ લોકોને તથા શહેરમાં ૨૪૬૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે. શહેર અને ગ્રામ્યવિસ્તારમાં હવે લોકો વેક્સિનનો બીજો ડોઝ લેવા માટે વધુ નોંધાઈ રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭,૯૬,૩૪૨ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૩,૯૦,૨૫૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ અપાઈ ચુક્યા છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૩,૫૫,૦૩૨ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૯૨,૨૨૦ને વેક્સિનના બન્ને ડોઝ અપાઈ ચુક્યા છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ વર્ષના લોકો વેક્સિનેશન અભિયાનને સારો પ્રતિસાદ આપી રહ્યા છે. આ વયજૂથના થઈ જિલ્લામાં ૧૦ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬,૪૮,૧૫૪ અને શહેરમાં ૩,૫૪,૭૪૭ લોકો જે આ વયજૂથના છે તેમને આવરી લેવામાં આવ્યા છે.

# કોરોનાના નિયંત્રણો વચ્ચે શેરી ગરબામાં વરસાદી વાદળોનુ વિધ્ન મંડરાયુ

## સેકટરોમાં ચપટી, તાળી અને ઠેસના ગરબાની રમઝટ જોઇએ તેવી જામશે નહી : આયોજકો પણ મુંઝવણમાં

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણીની દેશ વિદેશમાં બોલબાલા છે. જો કે આ વર્ષે કોરોનાના સંક્રમણના ખતરા વચ્ચે મોટા પાયે નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ નથી ત્યારે સેકટરોમાં શેરી ગરબાના આયોજન માટે છુટછાટ આપવામાં આવી છે. પરંતુ કોરોનાના નિયંત્રણો વચ્ચે વરસાદી વાદળો પણ મંડરાયેલા રહેતા શેરી ગરબાની ઉજવણીનો રંગ ફીક્કો પડી જશે તેવી ચિંતા પણ ગરબા પ્રેમીઓને સતાવી રહી છે. સેકટરોમાં યોજાતા ચપટી, તાળી અને ઠેસના પરંપરાગત ગરબા જોવા મળશે પરંતુ કોરાનાના નિયંત્રણો વચ્ચે વરસાદી વાયરો પણ ગરબા મહોત્સવના આયોજકો માટે ચિંતાનુ કારણ બન્યો છે.

કોરોનાના કપરા કાળમાં તહેવારોની ઉજવણીનો રંગ ઉડી ગયો છે. છેલ્લા બે વર્ષથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવતી નથી. આ વર્ષે પણ સરકારે માત્ર શેરી ગરબાના આયોજન માટે જ છુટછાટ આપી છે. પરંતુ કોરોનાની ત્રીજી લહેરના ભય વચ્ચે પાર્ટી પ્લોટમાં ગરબાનુ આયોજન નહીં કરવા આયોજકોએ અગાઉ જ જાહેરાત કરી દીધી હતી. સરકારે શેરી ગરબાના આયોજન માટે રાત્રિના ૧૨ વાગ્યા સુધીની છુટછાટ આપવામાં આવી છે. ગાંધીનગરમાં પણ દરવર્ષે સેકટરોની શેરીએ શેરીએ શેરી ગરબાની રમઝટ જામે છે. નવરાતના સપ્તાહ પુર્વે માતાજીના ચાંચર ચોકમાં શેરી વળાવી સજ્જ કરી દેવાય છે. રાત્રિના સમયે રંગબેરંગી રોશનીની ઝગમગ વચ્ચે શકિતની ભકિતના દિવ્ય વાતાવરણમાં માતાજીના ગુણગાન ગવાય છે. જો કે આ વર્ષે કોરોનાનુ સંક્રમણ વધુ ન ફેલાય તે માટે શેરી ગરબાનુ પણ મોટાપાયે આયોજન થયુ નથી. શેરી ગરબાની ભવ્ય ઉજવણી કરતા નગરના અગ્રણીઓ તેમજ વેપારીઓએ પણ ગરબા નહી યોજવાનો નિર્ણય લીધો છે. બીજીતરફ સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે શેરી ગરબાનુ આયોજન આ વર્ષ પુરતુ પડતુ મુકવાનો નિર્ણય લેવાયો છે. કોરોનાની ત્રીજી લહેરના ખતરા વચ્ચે કેટલાક ઠેકાણે ભીડ ભેગી ન થાય તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે તો બીજીતરફ કોરોનાની બીજી લહેર દરમિયાન મૃત્યુ પામેલા સ્વજનોને ધ્યાનમાં રાખી સોસાયટી કે ચોકમાં ગરબા મહોત્સવનુ આયોજન કરાયુ નથી. આ ઉપરાંત કોરોનાની સાથે શેરી ગરબાના આયોજન પર વરસાદનુ વિધ્ન પણ મંડરાયેલુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં રૂપાણી, નીતિન પટેલને સ્થાન

## ભાજપે રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાતના નેતાને સાચવ્યા : રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડો. ભારતીબેન શિયાળ અને વિશેષ આમંત્રિતોમાં રમીલાબેન બારાનો પણ સમાવેશ કરાયો

ગાંધીનગર, તા.૭

ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય કાર્યસમિતિ માટે ૮૦ સદસ્યોના નામોની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય કારોબારીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનો સમાવેશ કરાયો છે. પણ સાથે જ ગુજરાતના અનેક દિગ્ગજ નેતાઓને કારોબારીમાં સ્થાન અપાયુ છે. બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ લિસ્ટ જાહેર કરીને આ નામ આપ્યા છે.



ગુજરાતમાંથી કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, મનસુખ માંડવિયા, પરસોત્તમ રૂપાલાનો સમાવેશ કરાયો છે. તો સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો પણ સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. ભારતીબેન શિયાળ અને વિશેષ આમંત્રિતોમાં રમીલાબેન બારાનો સમાવેશ કરાયો છે.

દિલ્હીમાં ૨ વર્ષ બાદ ભાજપની રાષ્ટ્રીય કારોબારી મળવાની છે. ૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં રાષ્ટ્રીય કારોબારી મળશે. કોરોનાના કારણે ૨ વર્ષથી રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી ન હતી. છેલ્લે જાન્યુઆરી ૨૦૧૯ માં રાષ્ટ્રીય કારોબારી મળી હતી. રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ જેપી નડ્ડાની આ પહેલી કારોબારી મળશે.

તમામ રાજ્યોના ભાજપ શાસિત મુખ્યમંત્રીઓ, પ્રદેશ પ્રમુખો, સંગઠન મહામંત્રીઓને કારોબારીમાં સામેલ કરાયા છે. આ સાથે જ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ માટે ૧૩ સદસ્યોનું સિલેકશન કરાયુ છે. જેમાં છત્તીસગઢના ડો.રમન સિંહ, રાજસ્થાનથી વસુંધરા રાજે સિંધિયા, બિહારથી રાધા મોહન સિંહ, ઉત્તર પ્રદેશથી બેબી રાની મૌર્યા, ગુજરાતથી ડો. ભારતીબેન શિયાળ, અને કેરળથી અબ્દુલ્લા કુટ્ટીને સામેલ કરાયા છે.

# ઓક્ટોબરના અંતે મોદીના ગુજરાત પ્રવાસની શક્યતા

## ૩૧મીએ કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓક્ટોબર મહિનાના અંતમાં ફરી ગુજરાતના પ્રવાસે આવી શકે છે. બે દિવસના ગુજરાત પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે. ૩૧ ઓકટોબરે સરદાર પટેલની જયંતિ છે. એટલે કે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કેવડિયા ખાતે કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦ ઓકટોબરે ગુજરાત આવી જાય તેવી શક્યતા છે. કેવડિયામાં નવા પ્રોજેક્ટનું ખામુહૂર્ત અને લોકાર્પણનું આયોજન પણ છે.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રધાનમંત્રી મોદી આ મહિનાના અંતમાં ફરી ગુજરાતના પ્રવાસે આવશે. ૩૧ ઓક્ટોબરે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે. કેવડિયા ખાતે નવા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કન્સલ્ટીંગનો સમય
ડો. પ્રશાંત એન. ભટ્ટ
એમ. ડી., એફ.આઈ.એ.એમ.એસ.
કન્સલ્ટીંગ, ફીઝીશીયન, પેટના રોગના અને ડાયાબીટીસના નિષ્ણાત
તા. ૧/૭/૨૦૧ થી કન્સલ્ટીંગનો સમય નીચે પ્રમાણે રહેશે.
સવારે ૯-૩૦ થી ૧૨ ● સાંજે ૫-૩૦ થી ૭
ચ-રોડ, ચ-૬ ચાર રસ્તા પાસે, વૈજનાથ મહાદેવની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન નં. ૨૩૨ ૨૦૯૧૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com